# પ્રભાતે પ્રાર્થના

હે પ્રભુ,
સંજોગો વિકત હોય ત્યારે
સુંદર રીતે કેમ જીવવું તે મને શીખવ
બધી બાબતો અવળી પડતી હોય ત્યારે,
હાસ્ય અને આનંદ કેમ ન ગુમાવવા તે મને શીખવ
પરિસ્થિતિ ગુસ્સો પ્રેરે તેવી હોય ત્યારે
શાંતિ કેમ રાખવી તે મને શીખવ
કામ અતિશય મુશ્કેલ લાગતું હોય ત્યારે
ખંતથી તેમાં લાગ્યા કેમ રહેવું તે મને શીખવ.
કઠોર ટીકા ને નિંદાનો વરસાદ વરસે ત્યારે,
તેમાંથી મારા ખપનું ગ્રહણ કેમ કરી લેવું, તે મને શીખવ
પ્રલોભનો, પ્રશંસા, ખુશામતની વચ્ચે
તટસ્થ કેમ રહેવં તે મને શીખવ
ચારે બાજુથી મુશ્કેલીઓ ઘેરી વળે, શ્રદ્ધા ડગુમગુ થઈ જાય
નિરાશાની ગર્તામાં મન ડૂબી જાય, ત્યારે ધૈર્ય અને શાંતિથી
તારી કૃપાની પ્રતીક્ષા કેમ કરવી, તે મને શીખવ.

ભગવાન,
આજે તેં મને ખૂબ સુખસામગ્રી આપી છે
પણ કાલે તું એ બધું લી લે - એમ બને.
આજે તે ભરપૂર શક્તિ ને તંદુરસ્તી આપ્યાં છે પણ
કાલે મારો દેહ દુર્બળ ને રોગગ્રસ્ત થઈ જાય - એમ બને.
આજે તેં મને મીઠા સંબંધો આપ્યા છે
પણ કાલે મારાં પ્રિયજનો મને છોડી જાય - એમ બને.
આજે તેં મને પદપ્રતિષ્ઠાસંપત્તિ આપ્યાં છે
પણ કાલે હું સાવ રંક, અસલામત બની જાઉં
ઝંઝાવાતમાં ફંકાઈ જાઉં
લોકો મારી હાંસી ઉડાવે ને મારું અપમાન કરે - એમ બને.
તેથી જ પરમાત્મા, હું પ્રાર્થના કરું છું કે
મારા સુખમાં મત્ત બની હું કોઈની અવજ્ઞા ન કરું
સ્વજનોના સ્નેહને સ્વતઃસિદ્ધ અધિકાર ન માની લઉં
સાનુકૂળતાના જોર પર મારી જાતને અજેય ગણી
મને કોઈ દિવસ કાંઈ થવાનું જ નથી,
એવા ભ્રમમાં ફસાઈ ન જાઉં
બધું સવળું ચાલતું હોય ત્યારે,
એને મારી હોશિયારી ને આવડતનું પ્રમાણ લેખી
તારી કાંઈ જરૂર જ નથી એમ માની ન બેસું.
અને જ્યારે બધું જ અવળું પડે
ધારેલું ન મળે, અને મળ્યું હોય તે છિનવાઈ જાય
ત્યારે એ તારી અવકૃપા છે
એમ સમજવાની મોટી ભૂલ પણ ન કરું.
કારણ કે ભગવાન,
બધું આપવા પાછળ તારો હેતુ છે
બધું લઈ લેવા પાછળ પણ તારો ચોક્કસ હેતુ છે.
બંનેમાં તારી કૃપા જ કામ કરે છે.
માર્ગ ફૂલનો હોય કે કાંટાનો
એના પર ચાલીને હું તારા ભુવનમાં પહોંચું,
જ્યાં સંપત્તિ સંપત્તિ નતી ને વિપત્તિ વિપત્તિ નથી
જ્યાં બાહ્ય આવરણો અને આભાસો ખરી પડે છે
જ્યાં સર્વ કાંઈ તારી જ લીલાનો આનંદ છે;
બધી પરિસ્થિતિઓમાંથી, હળવાશથી પસાર થઈ
આ નિત્ય આનંદના લોકમાં પહોચું.
એવી મને સ્થિરતા આપજે
એવી મને ગતિ આપજે.

# ઓમિક્રોનનું આક્રમણ ચિંતાજનક

**તંત્રીસ્થાનેથી...**

કોરોના બ્રહ્મરાક્ષસ કરતાં પણ વધુ ક્રૂર છે. એને નાથવા માટે દુનિયા કેટકેટલાં વલખાં મારતી રહી છે, કેટકેટલા ભોગ આપી ચૂકી છે - છતાં એ ધરાયો નથી. એ નિત્ય નવો વેશ ધરીને હાજર થઈ જાય છે. માનવજાતને એની હેસિયત બતાવી દેવાની પ્રતિજ્ઞા સાથે પ્રકૃતિએ છોડેલું એ બ્રહ્માસ્ત્ર છે. એના જુદા જુદા વેરિયંટ જુદી જુદી જગ્યાએ એકાએક ધરતીના પેટાળમાંથી ફૂટી નીકળતા હોય એમ નજરે પડે છે અને માંડ થાળે પડેલું વાતાવરણ ફરી પાછું ડહોળાઈ જાય છે. તાલિબાન કરતાં એ વધુ ક્રૂર છે. એ કોઈની શેહશરમ ભરતો નથી : અલ્લાહની પણ નહીં. છેલ્લે એનો જ નવો અને સવિશેષ ખતરનાક વેરિયન્ટ આફ્રિકા ખંડમાં ઊગી નીકળ્યો છે એનું નામ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનને 'ઓમિક્રોન' પાડ્યું છે. નામકરણ અંગે એ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન સામે સવાલ ઊઠવા માંડ્યા છે. નામકરણ ગ્રીક મૂળાક્ષરો મુજબ રખાય છે. ઓમિક્રોન એ ગ્રીમ મૂળાક્ષરોના પંદરમો અક્ષર છે. એ પહેલાં આવતા બે અક્ષરો છે 'Nu' અને 'xi' 'Nu' નું ઉચ્ચારય 'ન્યુ' સાથે મળતું આવતું હોઈ એને અવગણવામાં આવેલ છે અને xi તો શી ઝિન પિંગના નામનો આરંભનો અક્ષર છે! ચીનના સમર્થ રાષ્ટ્રપતિને માઠું લાગે તો વિશ્વ આરોગ્ય સંસ્થાની દુર્દશા થઈ જાય. વાઈરસનો પૂર્વજ ચીનમાં પેલી વુહાન લેબોરેટરીમાં જન્મ્યો હતો. તે હવે સર્વસ્વીકૃત બાબત છે. એટલે સ્તો અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વારંવાર ચીન પર આ મુદ્દે માછલાં ધોતા હતા. કરવા ખાતર યુનોએ તપાસ પણ કરાવી પરંતુ કોઠી ધોઈને કાદવ કાઢવા જેવું થયું. ડુંગર ખોદ્યો પણ ઉંદર સુધ્ધાં ના જડ્યો. હવે એ મૂળ કોરોનાની નવી પેઢી મેદાનમાં ઉતરી છે. બોત્સવાનાથી નીકળીને એ દક્ષિણ આફ્રિકા થઈ યુરોપ અને દક્ષિણ એશિયા સુધી ફેલાયો છે. ગત શનિવારે એ જર્મની અને બ્રિટન સુધી પહોંચી ગયો છે. ઓમિક્રોન વેરિયંટ ઉગાઉના તમામ વેરિયંટ કરતાં વધુ ખતરનાક છે અને તે ઝડપથી ફેલાઈ શકે છે. ચાર દિવસમાં એ આઠ દેશોમાં પહોંચી ગયો છે; દક્ષિણ આફ્રિકા, ઈઝરાયેલ, હોંગકોંગ, બેલ્જિયમ, જર્મની, ચેર રિપબ્લિક અને બ્રિટન સહિત એના મૂળ ઉત્પત્તિ સ્થાન બોત્સવાનામાં એણે કેર મચાવવા માંડ્યો છે. દક્ષિણ આફ્રિકા આવવા જવા પર જર્મનીએ તાત્કાલિક અસરથી પ્રતિબંધ લગાવી દીધો છે. બ્રિટને પણ દક્ષિણ આફ્રિકા સહિત સાત દેશો પર પ્રતિબંધ લગાવ્યો છે. એ જ રીતે યુરોપના ફ્રાંસ સહિતના દેશો ઉપરાંત સિંગાપુર અને ઈઝરાયેલે પણ આવા પ્રતિબંધો અમલી બનાવ્યા છે. બાંગ્લાદેશ અને નેપાળને પગલે હવે આપણા વડાપ્રધાન પણ અવરજવર અંગે પુનર્વિચારણા કરવાના આદેશ કર્યા છે. માંડ પરિસ્થિતિ થાળે પડી હતી અને લોકો કોરોનાકાળની ટ્રેજેડી ભૂલવા લાગ્યા હતા ત્યાં એનું ભૂત નવા સ્વરુપે ધૂણવા લાગ્યું છે. કહે છે કે નવો વેરિયન્ટ રસીને પણ ગાંઠતો નથી. પરંતુ માનવજાત પાસે રસીથી આગળ બીજું કોઈ શસ્ત્ર તો છે નહીં. ઘણા દેશોમાં રસીનો બુસ્ટર ડોઝ અપાવો શરૂ થયો છે. કોરોના પ્રોટોકોલનો અમલ સાવ જ ઢીલો પડી ગયો હતો તે ફરી પાછો કડક બનશે. સરકારે કોરોનાને કારણે ઠપ થઈ ગયેલા વિકાસ કર્યો ફરી શરૂ કર્યા હતા તે બાજુએ હડસેલાઈ જશે. વળી આગામી મહિનાઓમાં ઉત્તરપ્રદેશ જેવા મોટા રાજયમાં વિધાનસભાની ચૂંટણી આવે છે ત્યારે રાજકારણીઓ એમની ટેવ મુજબ લાખોની ભીડ એકઠી કરાવશે. આથી જો આફ્રિકાથી આયાત થયેલ વેરિયંટને છૂટો દોર ન મળે તો જ નવાઈ. પાણી પહેલાં પાળ બાંધવાની જરૂર છે. હવાઈ મુસાફરી પર નિયંત્રણો મૂકવાથી ઘણી મુશ્કેલીઓ સરજાવાની છે તે સાચું, પરંતુ એની છૂટ આપવાથી ફરી પાછી પેલી મોતની લહેર શરૂ થઈ જશે તો વખતે આપણને રોતાં પણ નહીં આવેડે. વેળાસર જાગીએ!

# સમાન નાગરિક સંહિતા દેશની જરૂરિયાત (બંધારણની કલમ-૪૪ મુજબ)




સમગ્ર દેશમાં મોટા ભાગના મુદ્દા કોમન લૉ છે, પરંતુ લગ્ન, છૂટાછેડા અને વારસા જેવા કેટલાક મુદ્દે હજુ પણ નિર્ણય પર્સનલ લૉ ના આધારે લેવાના હોય છે તથા જ્ઞાતિ, ધર્મની રીત રીવાજ અલગ અલગ છે. જેથી દેશમાં એકસરખી રીતે કોમન સીવીલ કોડ લાગુ કરવાની ધર્મથી ઉપર જઈને વિચારણા કરવાની જરૂરીયાત છે. જુદા જુદા ધર્મ, જ્ઞાતિ, રીત રીવાજના કારણે જુદા જુદા કાયદાઓની અસર ન્યાયાલય ઉપર ન્યાય તોળવામાં પડે છે. એક દેશમાં વસતા તમામ નાગરિકો માટે દરેક ધર્મના લોકો માટે સમાન નાગરિક ધારાની હાલમાં માંગ ઉઠી છે.

બંધારણની કલમ-૪૪ અંતર્ગત કહેવામાં આવ્યું છે કે, ભારતમાં વસતા, તમામ નાગરિકો માટે એક સમાન કાયદો લાગુ કરવાનો રહેશે. સમાન નાગરિક ધારામાં લગ્ન અંગેના કાયદા, છૂટાછેડા અંગેના કાયદા, વારસા ધારો, સંપત્તિની વહેંચણીનો ધારો તમામ ધર્મો, જાતિ માટે એક જ કાનૂન લાગૂ કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

અલગ અલગ જાતિ, ધર્મના રીત-રીવાજ અને નિયમોના કારણે કોર્ટોમાં છૂટાછેડાના કેસોમાં ન્યાયાલયોમાં ન્યાયાધિશોને જજમેન્ટ આપતા ખૂબ જ મુશ્કેલી ઉભી થાય છે તથા અનેક સમસ્યાઓનો સામનો કરવોલ પડે છે. આ માટે બંધારણની કલમ-૪૪ મુજબ સમાન નાગરિક સંહિતાની જોગવાઈ લાગૂ કરવાનો સમય પાકી ગયો છે.

એનઆરસી, કલમ-૩૭૦ના નિર્ણય બાદ બહુમતી સંખ્યા ધરાવતી હાલની સરકાર માટે સમાન સીવીલ કોડ લાગૂ કરવો એ સામાન્ય બાબત છે, પરંતુ મુસ્લીમ દ્રષ્ટીકરણ તથા માન્યતા ધરાવતા લઘુમતી પક્ષો આ માટે સંમત થતા નથી. જેઓ પર્સનલ લૉ ને સમર્થન આપે છે. ગોવામાં સમાન નાગરિક ધારો લાગૂ કરવામાં આવ્યો છે, જે કેન્દ્ર શાસિત પ્રદેશ છે.

સમાન નાગરિક ધારો એટલે કે, એવો કાયદો કે જે ધર્મ નિરપેક્ષ હોય અને તમામ ધર્મના લોકો ઉપર એક સમાન રીતે લાગૂ પાડવામાં આવે. તાજેતરમાં રહેતા દરેક નાગરિક માટે સમાન કાયદો હોવો જોઈએ. તેમાં ભેદભાવ, ધર્મ કે જાતિ આધિન ના હોવો જોઈએ. કોઈ એક ધર્મ કે જાતિને થાય તેવો કાયદો નહી પણ દરેક નાગરિકને સમાન હક્ક મળે, દરજ્જો મળે તેવો કાયદો હોવો જોઈએ.

હાલમાં મુસ્લીમ, ખ્રિસ્તી અને પારસી સમુદાયના લોકો માટે અલગ પર્સનલ લૉ છે, જ્યારે હિન્દુ માટે સીવીલ લૉ અંતર્ગત હિન્દુ, શીખ, જૈન અને બૌધ્ધ ધર્મના લોકોનો સમાવેશ કરવામાં આવે છે. જો કે ત્રીપલ તલાકનો નિયમ રદ ગણતા હવે મુલ્સીમ પર્સનલ લૉ જેવું કંઈ રહ્યુ નથી. કાયદો લાગૂ કરવાની જવાબદારી રાષ્ટ્રની છે, એટલે કે સાંપ્રત સરકારની છે. બહુમતીથી કાયદો પસાર કરી તેનો અમલ કરાવી શકે છે. અત્યાર સુધી કોઈ એક સમુદાયને નારાજ કરવાનું રાજકીય પક્ષોને ઉચિત ના લાગતા દેશમાં સમાન સીવીલ લૉ લાગુ પાડવામાં એનકેન પ્રકારે અટકાવવામાં આવેલ, પરંતુ આ માંગ આઝાદી સમયથી જનતાની રહેલી છે.

સમાન સીલીવ લૉ લાગુ ના હોવાથી શાહબાનોને સુપ્રિમ કોર્ટમાં કેસ જીતવા છતાં મુસ્લીમ પર્સનલ લૉ ના કારણે અધિકાર ના મળી શક્યો.

લગ્ન, છૂટાછેડા, સંપત્તિ વહેંચણી તથા દત્તક વિધાન તથા વારસા ધારાના કેટલાય સમયથી અનિર્ણીત એસો જે પેન્ડીંગ પડ્યા છે. તેનો નિકાલ સમાન સીવીલ લૉ લાગુ પડવાથી સરળતાથી અને ઝડપથી થશે. પરિણામે અદાલતોનું ભારણ ઘટશે અને ન્યાયીક પ્રક્રિયા સરળ બનશે.

દિવ,દમણ, ગોવા માટે એડમીનીસ્ટ્રેશન એક્ટ, ૧૯૮૨ પસાર કરેલ જ છે. ત્યાં સમાન સીવીલ લૉ લાગુ છે. પોર્ટુગલના સીવીલ કોડને ૧૮૬૭ને ગોવામાં લાગુ કરવામાં આવ્યો જ છે. કોઈ માતા-પિતા તેના સંતાનોને પોતાની સંપત્તિમાંથી વંચિત ના રાખી શકે. મોટા ભાગના વિકસિત દેશો તથા એશિયાઈ દેશો પાકિસ્તાન, બાંગ્લાદેશ, મલેશિયા, ઈન્ડોનેશિયા, તુર્કી, સુદાન, ઈજીપ્ત જેવા દેશો જ્યાં લઘુમતીઓની સંખ્યા બહુમતી હોવા છતા સમાન સીવીલ લૉ લાગુ કરેલ છે. તો ભારતમાં કેમ નહી? તેવા પ્રશ્નો તાજેતરમાં ઉભા થતાં જનતાની માંગને બહુમતી ધરાવતી સરકાર પૂર્ણ કરશે અને આગામી સત્રમાં કાયદો બહુમતીથી પસાર કરશે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

# સૂરજ હોવા છતાંયે હું રોજ નમી જાઉં છું, અને એટલે જ તો હું સૌને ગમી જાઉં છું...!




સૂરજ હોવા છતાંયે હું રોજ નમી જાઉં છું,
અને એટલે જ તો હું સૌને ગમી જાઉં છું...!

સૂર્ય એ પૃથ્વી પરના પ્રત્યક્ષ દેવ છે. ચારણી સાહિત્યમાં સૂરજ માટે લખાયું છે કે,

સૂરજ પ્રત્યક્ષ દેવ હે, ને નર વંદે પાખાણ;
ઈશર કહે સુનો ઉમૈયા, એ તો લોક અજાણ!

એક વાર શંકર અને પાર્વતીજી વાતો કરતા હતા કે પૃથ્વી પરના આ લોકો કેટલા અજાણ અને મૂર્ખ છે. સૂર્ય જેવા સાક્ષાતુ પ્રગટ દેવને મૂકીને અન્ય પથ્થરોને પૂજે છે અને તેમાં ઈશ્વરને શોધે છે! પણ અહીં વાત છે નમવાની; નમી જવાની. કોઈની આગળ નમવું કે ઝુકી જવું એટલે તેના તરફ આદરભાવ હોવો. બીજી રીતે નમવું એટલે કે જતું કરવાની ભાવના કેળવવી. નાની-નાની ક્ષુલ્લક બાબતોનો શોર મચાવ્યા વિના હસતાં મુખે કોઈ અન્યની ખુશી કે સંતોષ ખાતર નમી જવું એ નમવાનો અન્ય પ્રકાર છે. ઘણીવાર જરૂરિયાતને કારણે અને મજબૂરીથી નમી જવું પડતું હોય છે પરંતુ તેમાં સ્વાર્થવૃત્તિ કે દમનવૃત્તિ પ્રબળપળે રહેલી છે. જયારે પોતાની પાસે બધું જ હોય અને સૂર્યસમાન તેજસ્વી અને બળવાન હોવા છતાં કોઈની સામે નમી જવું એ નમી જવાનો સર્વશ્રેષ્ઠ તબક્કો ગણાય.

આપણે ઘણીવાર અનુભવ્યું છે કે વ્યક્તિને પોતાની પાસે જે કંઈ હોય તેનું અભિમાન હોય છે. કોઈને પોતાના રુપનું, કોઈને ગુણનું, કોઈને સત્તાનું કે કોઈને પદ-પ્રતિષ્ઠા મેળવવાનું. આ બધામાં ગળાડૂબ ડૂબેલો વ્યક્તિ કયારેક ઉદ્ધત કે તોછડો બની જતો હોય છે. અરે, ઘણીવાર તો પોતાની પાસે બધું જ હોવા છતાં



પોતાને તે વાતનો કોઈ જ ઘમંડ નથી એવું પણ વ્યક્તિને લાગતું હોય છે. પરંતુ, જયારે વાત જતું કરવાની કે કોઈની સામે નમી જવાની આવે ત્યારે આ દંભનો ઘડો કડભૂસ કરીને ચૂરચૂર થઈ જાય છે. સૂર્ય એ પૃથ્વી પરની સજીવસૃષ્ટિને જીવાડનાર અને પોષનાર દેવ છે તેમ છતાં દરેક સાંજે પોતાના નિયત સમય અનુસાર તે અસ્ત થાય છે. એક ક્ષણ માટે વિચારી જુઓ કે જો સૂર્ય ગુમાનમાં આવીને સાંજ પડે અસ્ત જ ન થાય તો આ સૃષ્ટિનું શું થાય? કુદરતનું સંતોલન સાવ ખોરવાઈ જાય અને દરેક જીવ મોટી મુસીબતમાં આવી પડે. તો આપણી જેવા પામર મનુષ્ય કર્મસંજોગ મળેલા પોતાના જ્ઞાન,ધન, રુપ કે પદ-પ્રતિષ્ઠાનું ગુમાન શા માટે કરવું?

સૂર્યાસ્તને જોઈને અન્ય એક બાબતની પ્રતીતિ આપણને થાય અને એ વાત છે મનુષ્ય જીવનમાં બનતી સારી-નરસી ઘટનાઓની. આપણી આસપાસ રહેતા લોકો હોય કે મિત્રવર્તુળ આપણે ઘણાના જીવનમાં આવતા આવા ઉતાર ચડાવ નિહાળ્યા છે. પરંતુ, એ જ ઉતાર-ચડાવ જયારે આપણા જીવનમાં આવે ત્યારે કયારેક ખુશીમાં ભાન ભૂલીને મદમસ્ત બની બેસીએ છીએ તો કયારેક આખીયે દુનિયા લૂંટાઈ ગઈ હોય એવી આઘાતજનક હતાશા અનુભવીએ છીએ. આવા સમયે આપણે વિચારવાનું છે કે સૂર્ય જેવો સૂર્ય પણ અસ્ત થઈ જાય તો આપણી તો શું વિસાત? અને હા, આપણા પ્રયત્નો અને આપણું કાર્ય સંપૂર્ણ નિષ્ઠાથી અવિરતપણે કરતાં રહેવું. જે રીતે સૂર્યાસ્ત થયો છે તે જ રીતે એક દિવસ ફરીથી સૂર્યોદયના આનંદને આપણે માણી શકીશું. માટે ખૂબ ધીરજ અને સંવેદનશીલ બનીને કુદરતના આ ક્રમને જીવનનો ક્રમ ગણીને આ જીવનયાત્રાને આગળ વધારતા રહેવું. જેની પાસે કંઈ જ નથી તેણે મેળવવાનું છે, પામવાનું છે અને તેના માટે પ્રયત્નશીલ રહેવાનું છે. જેણે બધું જ મેળવીને ગુમાવ્યું છે તેણે આ અવસ્થાને જીરવીને સૂર્યોદયની પ્રતિક્ષા કરવાની છે અને જેની પાસે બધું જ છે અને કર્મસંજોગ ટકી પણ રહ્યું છે તેણે આ બાબતનું મિથ્યાભિમાન કર્યા વિના **'down to earth'** કઈ રીતે રહેવું એ સૂર્યને ધ્યાનમાં રાખીને યાદ રાખવાનું છે.

- nehalgadhavi101@gmail.com

# દરિયાપારના ગુજરાતીઓનો અણમોલ વતન પ્રેમ : વાત સમતા વિકાસ ચેરિટેબલ ટ્રસ્ટની




દરિયાપાર વસતા લાખો ગુજરાતીઓ ગુજરાતને ભૂલતા નથી. તેઓ સતત પોતાના વતન માટે કશુંક ને કશુંક કરતા જ રહે છે. તેમના હૃદયમાં એક જ ભાવના હોય છે કે, અમારાં ભગિની-બંધુઓ સુખી થાય.

હ્યુસ્ટનમાં રહેતા રમેશભાઈ શાહનો પરિવાર ભારત પ્રેમી અને માનવતાવાદી પરિવાર છે. આ આખો પરિવાર વિશિષ્ટ છે. રમેશભાઈ વર્ષોથી રાષ્ટ્રપ્રેમથી પ્રેરાઈને અનેક પ્રવૃતિઓ કરી રહ્યા છે. તેમની પ્રવૃતિઓ વિશે લખવા બેસીએ તો એક પુસ્તક પણ ઓછું પડે. હમણા



તેમની એકલ અભિયાનના સી.ઈ.ઓ. (C.E.O) તરીકે વરણી થઈ છે. એકલ અભિયાન શિક્ષણ તથા માનવ વિકાસનું મોટું કામ કરે છે. ભારતના આદિવાસી વિસ્તારોમાં આ અભિયાનના ભાગરુપે એક લાખથી વધુ એકલ વિદ્યાલયોની સ્થાપના થઈ છે.

રમેશભાઈ શાહ મૂળ સાબરકાંઠાના ગાબટ ગામના છે. આ ગાબટ ગામે અનેક વતન પ્રેમી રત્નો અને દાનવીરોની ભેટ ધરી છે. એમાંય બૃહદ શાહ પરિવારમાંથી તો આપણને અનેક વ્યક્તિવિશેષ મળ્યા છે. નોંધવા જેવી બાબત એ છે કે કારકિર્દીમાં શ્રેષ્ઠ હોય એટલા જ વતન પ્રેમમાં પણ અવ્વલ હોય. પ્રતિભા અને પ્રતિબધ્ધતા બંને સમાંતરે ચાલતાં હોય.

રમેશભાઈ શાહની બે દીકરીઓ નામે, સોનલબહેન અને રુપલબહેન ખૂબ જ તેજસ્વી છે. સોનલબહેન તો પૂર્વ અમેરિકન પ્રમુખ બરાક ઓબામાની ટીમમાં પણ ટોચ ઉપર હતાં. રુપલબહેને પણ અનેક ચાવીરુપ હોદ્દા પર રહીને ખૂબ કામ કર્યું છે. તેમનો દીકરો આનંદ શાહ માનવતાવાદી. તેમણે વર્ષો પહેલાં ઈન્ડિકોપ્સ નામની સંસ્થા સ્થાપી હતી અને અમેરિકા સહિત દરિયાપાર રહેતા મૂળ ભારતીય યુવાનોને ફેલોશિપ આપીને ભારતમાં લઈ આવ્યો હતો. આ??વા યુવાનો એક વર્ષ ભારતને આપતા હતા. શ્રી આનંદ શાહે ઈન્ડિકોપ્સના નેજા હેઠળ જે કામ કર્યું છે તેનું દસ્તાવેજીકરણ કરીએ તો એક નહીં, પણ ઘણાં પુસ્તકો કરવા પડે.

આ ગાબટના જ વતની શાહ પરિવારની નવી પેઢીનો જીગર શાહ નામનો યુવક અત્યારે અમેરિકાનો ઊર્જા મંત્રી છે. સોલાર એનર્જીનો તે નિષ્ણાત છે. આ ક્ષેત્રે તેનું મોટું નામ અને પ્રદાન છે.

હવે વાત કરીએ, સમતા વિકાસ ચેરિટેબલ ટ્રસ્ટની. આ સંસ્થા સ્વામી વિવેકાનંદ દ્વારા પ્રેરિત છે. આ સંસ્થાએ તેનો યશસ્વી એક દાયકો પૂરો કર્યો છે. ૨૦૧૩માં તેન સ્થાપના કરવામાં આવી હતી, પણ તેનો પ્રારંભ ખરેખર ૨૦૧૧માં થઈ ગયો હતો. શ્રી રસિકલાલ મણિલાલ શાહે સને ૨૦૧૦માં સાઠંબામાં આંખનો સફળ કેમ્પ કર્યો હતો. પછી તો ૨૦૧૧માં ગાબટમાં પણ આંખના કેમ્પ ની શરૂઆત



કરવામાં આવી. જરુરિયાતમંદ લોકો માટે આ મોતિયાના ઓપરેશન અને ઝામર, વેલ, રેટિનાના ઓપરેશન બારેજા હોસ્પિટલમાં કરાયા. એ પછી તો ૨૦૧૪ માં વાત્રક ત્યાર પછી મોડાસા અને ભિલોડામાં વિઝન સેન્ટર શરુ કરાયા. એ પછી તો નક્કી કરાયું કે અહીંયા આંખની હોસ્પિટલનું જ નિર્માણ કરવું જોઈએ. શ્રી કે.કે. શાહ આરોગ્ય મંડળ, તથા અંધજન મંડળ અમદાવાદ અને સમતા વિકાસ ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગ અને દાતાઓના સહકારથી વાત્રકમાં આંખની મોટી હોસ્પિટલ બની રહી છે. બીજી ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ હોસ્પિટલનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું છે. અત્યારે હોસ્પિટલના બાંધકામનું કામ ચાલું છે અને ૨૦૨૩માં હોસ્પિટલ શરુ થઈ જશે. આ સંસ્થા અને હોસ્પિટલનો લાભ અરવલ્લી, સાબરકાંઠા જિલ્લા તથા રાજસ્થાનના લોકોને મળશે.

હોસ્પિટલ થશે ત્યારે તો વ્યાપક સ્તરે કામ થશે, પણ છેલ્લા એક દાયકામાં સમતા વિકાસ ટ્રસ્ટે આખા જિલ્લામાં આંખની સંભાળ અને ઓપરેશન માટે મોટું કામ કર્યું છે.

૨૦૧૬થી વાત્રકની હોસ્પિટલમાં ગરીબ દર્દીઓના સગાંઓ માટે માત્ર દસ રુપિયામાં બંને ટાઈમ ફૂલ જમવાની સુવિધા ઊભી કરવામાં આવી છે. આ એક સંવેદનશીલ નિર્ણય છે. દૂરદરાજના ગામોમાંથી, ક્યારેક તો ચાલીને આવતાં દર્દીઓના સગાંઓને જમવાની ખૂબ તકલીફ પડતી હતી. હોસ્પિટલના આયોજકોએ એ તકલીફ દૂર કરી. કોરોનાના કપરાકાળમાં અને અત્યારે પણ, પાંચ વર્ષથી એ સુવિધા સતત ચાલુ રહી છે. આ ઉપરાંત જે વૃધ્ધોને જમવાની તકલીફ હતી તેમના માટે ટિફિનની સેવા પણ શરૂ કરી છે. કોરોના વખતે અરવલ્લી જિલ્લાનાં ગામોમાં રાશનકીટ અને દવાઓ પણ પહોંચાડવામાં આવી હતી. ઓક્સિજનની પણ સુવિધા કરવામાં આવી હતી.

મૂળ ભાવના એટલી જ કે, સંવેદનાની જ્યોત સતત પ્રજ્જવલિત રહેવી જોઈએ.

અમેરિકામાં વસતા અરવિંદભાઈ ઠેકડી, રસિકભાઈ શાહ, રસિકભાઈ એમ. શાહ, રમેશભાઈ શાહ અને કિરીટભાઈ શાહ એક ટીમ તરીકે કામ કરીને વતન પ્રેમ માટે જબરજસ્ત કામ કરી રહ્યા છે. અહીં ભારતમાં મહેન્દ્રભાઈ ભલાવત, કનુભાઈ શાહ, જિતેન્દ્રભાઈ શાહ, વિજયભાઈ શાહ, પ્રદીપભાઈ શાહ, નરેન્દ્રભાઈ શાહ, વિપુલભાઈ, ગિરિશભાઈ દરજી, ધર્મેશભાઈ શાહ, ચંદ્રકાંતભાઈ શાહ, કેતનભાઈ શાહ અને દિલીપભાઈ શાહ સાચા હૃદયથી ફરજનિષ્ઠ છે. શ્રી વિજયભાઈ શાહ માત્ર સેક્રેટરી તરીકે નહીં, પરંતુ સેતુ તરીકે પણ નોંધપાત્ર કામગીરી કરી રહ્યા છે.

ભારત દેશ આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે ત્યારે આવી માનવતાવાદી સંસ્થાઓના કામની વાત કરતી વખતે ઘણો આનંદ થાય છે. આશા બંધાય છે કે, ગરીબોનું કોઈ છે. થોડો અફસોસ થાય છે કે, ૭૫ વર્ષ પછી પણ હજી આપણે ગામડાંના લોકોની આંખ માટે કામ કરવું પડે છે. એટલું ચોક્કસ છે કે, ભારત દેશના શાસકો પાસે જો ભારતના ભાવિની સાચી દૃષ્ટિ હોત તો આંખોનું કામ કરવાની નોબત ના આવત. અલબત્ત, અત્યારે નવા માહોલમાં, ભારતીય સંસ્કૃતિના મૂળ અને કુળને સાચવીને, દેશને આગળ લઈ જવાની જે કવાયત શરુ થઈ છે તેનો આનંદ માણીએ.

૨૮મી નવેમ્બર, ૨૦૨૧ના રોજ અમદાવાદમાં એક સ્નેહ મિલનમાં શ્રી રમેશભાઈ શાહને બિરદાવાનો કાર્યક્રમ યોજાયો હતો.

**ગો-ધૂલિઃ**

જે સમાજ સજ્જનો અને સારપને બિરદાવતો નથી એ સમાજ આગળ જતાં દુઃખી થાય છે. એટલું જ નહીં, એ સમાજે દુર્જનોની પીડા સહન કરવા પણ તૈયાર રહેવું પડે છે.